પર૨(ક્રા માધ્ય)

ક્રમાંક : 25thNCSC/17-18/ ૨૧૮૭૩-૯૦૭
કમિશ્નર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર
તા. ૬ /૧૧/૨૦૧૭ (૧૨)

વંચાણે લીધા :-

૧. સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી તા. ૩૦/૧૧/૧૭નો પત્ર.

પરિપત્ર :

સમગ્ર દેશમા બાળવિજ્ઞાન પરિષદનું આયોજન કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ એન.સી.એસ.ટી.સીન દ્વારા યોજવામા આવે છે. જેમા રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ નામના પ્રોજેક્ટ ૧૯૯૩થી અમલમા છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ૧૦ થી ૧૭ વર્ષના બાળકોમા વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવાનો છે. વર્ષ ૨૦૧૭ના કાર્યક્રમનો વિષય ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ : દિવ્યાંગ વ્યક્તિઓની સક્ષમતાના સંદર્ભમા છે.

ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગરએ ૨૫મા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૭ના ૨૫ વર્ષની (Golden Jubilee) ની ઉજવણી ગુજરાત રાજ્યમા તા. ૨૭-૩૧મી ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ સાયન્સ સીટી, અમદાવાદ ખાતે યોજવામા આવશે. તેના તરફથી ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંગઠનોને આમંત્રણ પાઠવવામા આવ્યુ છે. આ પ્રવૃતિમા શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે હેતુસર આ અંગેના પરિપત્રથી રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને જાણ કરવામા આવે છે. તદઅનુસાર ચાલુ સાલે આ પ્રવૃતિમા રાજ્યની તમામ શાળાઓને આ કાર્યક્રમમા ભાગ લેવા વિનંતી છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરવા વિનંતી છે.

૧. આ ૨૫મા રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૭એ વૈજ્ઞાનિક પ્રવૃતિઓની શ્રેણી સાથે પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક પ્રસંગ બનશે.
૨. આ રાષ્ટ્રીય પ્રવૃતિમા ગુજરાતના વિદ્યાર્થીઓ, શિક્ષકો, અને શાળાઓ હંમેશ મુજબ સારો દેખાવ કરી ગુજરાતનુ ગૌરવ વધારશે તેવી અપેક્ષા રાખવામા આવે છે. તે માટે શાળાના ઉત્સાહી, શિક્ષકોને વધુ પ્રોત્સાહન મળે અને તેનો લાભ શાળાના બાળકોને મળે તે અંગેનુ વાતાવરણ શાળામા ઉભુ થાય એવા પ્રયત્નો કરવાના રહેશે.

"માનનીય નિયામકશ્રીના આદેશાનુસાર"

મદદનીશ નિયામક
(માધ્યમિક)
ગુ. રા. ગાંધીનગર

જા.નં. ૨૨૦૯૯૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા. ૦૮/૧૨/૨૦૧૭

નકલ રવાના જાણ તથા
અમલ સારું.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
મા. અને ઉ.મા. શાળાઓ તમામ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.